**ઇ-મેઇલ દ્વારા**

| | | |
|---|---|---|
| **પ્રતિ** | - | ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી. બ્લોક નં.૧, આઠમો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર |
| **જાણ** | - | પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગર. |
| **પ્રેષક** | - | પોલીસ અધિક્ષક ભાવનગર. |
| **ક્રમાંક** | - | કોમ્પ્યુટર શાખા/સાફલ્ય ગાથા/૫૨૭/૨૨, તા.૧૨/૦૯/૨૦૨૨ |
| **આધાર** | - | અ.પો.મહા.શ્રી, એસ.સી.આર.બી., ગુ.રા., ગાંધીનગરના મેસેજ ક્રમાંકઃએસસીઆરબી/પોલીસ સાફલ્યગાથા/૧૪૩/૨૦૧૨, તા.૦૪/૦૭/૨૦૧૨ અન્વયે. |
| **વિષય** | - | વેબસાઇટ અપડેટ કરવા સાફલ્ય ગાથાની માહિતી મોકલ્યા બાબત. |

સવિનય જય ભારત સાથ આપશ્રીની કચેરીના ફેકસ મેસેજ ક્રમાંક સીસી/કોન્સોલ/૫૮૦/૨૦૧૨ તા.૨૩/૦૫/૨૦૧૨ અન્વયે ભાવનગર જીલ્લાની સારી કામગીરીની વિગત નીચે મુજબ છે. જે વેબ સાઇટ ઉપર અપલોડ કરવા વિનંતી છે.

નીચે જણાવ્યા મુજબનાં મુદ્દાની કામગીરી તા.૦૫/૦૯/૨૦૨૨ થી તા.૧૧/૦૯/૨૦૨૨ સુધીમાં પોલીસ વિભાગનાં દરેક અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવેલ સારી કામગીરી (સાફલ્ય ગાથા) ની હકીકત અત્રેના જીલ્લાની સામેલ પત્રક મુજબ છે. જે આપ સાહેબ ને વિદિત થાય.

૧. કોઇ ગંભીર પ્રકારના ગુન્હાઓ શોધી કાઢવા/અટકાવવાની કામગીરી.
૨. ખોવાયેલ/વિખુટા પડેલ બાળક, મહિલા કે વૃધ્ધને વાલી વારસને સોંપેલ હોય.
૩. મહિલા, બાળકો તથા વૃધ્ધોને પરેશાની કે હેરાનગતિના બનાવોથી બચાવેલ હોય.
૪. બાળ શોષણના કેસો શોધી કાઢયા હોય.
૫. કોઇ મોટા પ્રમાણમાં વિસ્ફોટક પદાર્થ, હથિયારો, માદક દ્રવ્યોના કેસો શોધી કાઢેલ હોય.
૬. કોઇ ત્રાસવાદી/નકસ્લવાદી પ્રવૃતિ અટકાવેલ હોય/શોધી કાઢેલ હોય.
૭. કોઇ ગામ કે વિસ્તાર પોલીસના સમજાવટનાં પ્રયાસોથી વ્યસન મુકત બનેલ હોય.
૮. કોઇ સ્કુલ, કોલેજના વિદ્યાર્થીઓને આર્થિક તથા અન્ય રીતે મદદરૂપ થવાની કામગીરી કરેલ હોય.
૯. કોઇ પણ પ્રસંગ હોય અને પોલીસે પ્રજા માટે સારી કામગીરી કરેલ હોય.
૧૦. પોલીસની કામગીરીમાં પ્રજાએ પણ સહકાર આપ્યો હોય.
૧૧. કોઇ બીમારીથી પિડાતા દર્દીને પોલીસે કોઇ પણ રીતે મદદરૂપ થયેલ હોય.
૧૨. કોઇ ગંભીર અકસ્માત કે ગંભીર બીમારીથી પીડાતા દર્દીને બ્લડની જરૂરીયાત હોય અને તે જરૂરીયાત પોલીસના માણસો દ્વારા પુરી પાડવામાં આવેલ હોય.
૧૩. સીનીયર સીટીઝનને પોલીસ દ્વારા સુરક્ષીત કરવા મદદ કરવામાં આવેલ હોય.
૧૪. કોઇ સમયે અતિવૃષ્ટિ/અનાવૃષ્ટિ કે કુદરતી હોનારત દરમ્યાન પોલીસ વિભાગ દ્વારા બચાવ કે આશ્રય આપવાની કામગીરી કરવામાં આવેલ હોય.
૧૫. પોતાનાં સંતાનો દ્વારા તરછોડાયેલ માતા-પિતાને પોલીસ દ્વારા તેમનાં સંતાનોને સમજાવી વૈમનસ્ય/ધૃણા દુર કરી, સંયુકત કુટુંબમાં રહેવાની ભાવના કેળવવા સમજાવવાની કામગીરી કરેલ હોય.

**( ડી.ડી.ચૌધરી )**
નાયબ પોલીસ અધિક્ષક
મુખ્ય મથક અને નોડલ ઓફીસર
ભાવનગર

## મહુવા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ઇ.પી.કો.કલમ:-૩૦૭ વિગેરે તથા હથિયારધારાનાં ગુન્હા-૦૨ ગુન્હામાં નાસતાં-ફરતાં આરોપી તથા ખુંટવડા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ હથિયારધારાનાં ગુન્હો મળી કુલ-૦૪ ગુન્હામાં પકડવાનાં બાકી આરોપીને દેશી બનાવટની પિસ્ટલ તથા જીવતાં કાર્ટીસ નંગ-૦૩ સાથે ઝડપી પાડતી ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચ

પોલીસ મહાનિરીક્ષક શ્રી અશોકકુમાર યાદવ સાહેબ, ભાવનગર રેન્જ, ભાવનગર તથા પોલીસ અધિક્ષક શ્રી ડો. રવિન્દ્ર પટેલ સાહેબે લોકલ ક્રાઇમ બ્રાન્ચનાં પોલીસ ઇન્સ. શ્રી એસ.બી.ભરવાડ તથા પો.સબ ઇન્સ. શ્રી એન.જી.જાડેજા, પી.આર.સરવૈયા અને એલ.સી.બી.નાં સ્ટાફને ભાવનગર જીલ્લામાં થતી મિલ્કત સંબંધી/વાહન ચોરી સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા, બનાવટી ચલણી નોટો તથા હથિયારને લગતાં કેસો શોધી આરોપીઓને ઝડપી લેવા સુચના આપેલ.

આજરોજ તા.૦૯/૦૭/૨૦૨૨નાં ભાવનગર,લોકલ ક્રાઇમ બ્રાન્ચનાં માણસો ભાવનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં.તે દરમ્યાન પી.આર.સરવૈયા પોલીસ સબ ઇન્સ., એલ.સી.બી.,ભાવનગરનાંઓને બાતમીરાહે હકિકત મળેલ કે,મહુવા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ઇ.પી.કો. કલમ:-૩૦૭ વિગેરે તથા હથિયારધારાનાં કેસોમાં નાસતાં-ફરતાં આરોપી અર્જુન લાલાભાઇ ચૌહાણ રહે.ઇન્દિરાનગર,આખલોલ જકાતનાકા પાસે,ભાવનગરવાળો આછા બદામી જેવા કલરનું ટીશર્ટ તથા ભુરા કલરનું લોઅર ટ્રેક પહેરીને ભાવનગર,કુંભારવાડા-નારી રોડ ઉપર આવેલ ખોડિયાર માતાનાં મંદિર પાસે રોડ ઉપર તેનાં નેફામાં પિસ્ટલ રાખી ઉભો છે.જે માહિતી આધારે બાતમીવાળી જગ્યાએ આવતાં અર્જુન લાલાભાઇ ચૌહાણ/ભરવાડ ઉ.વ.૨૬ ધંધો-ડ્રાયવીંગ રહે.સરકારી સ્કુલ સામે,ઇન્દિરાનગર, આખલોલ જકાતનાકા પાસે, ભાવનગરવાળો હાજર મળી આવેલ.તેનાં લોઅર ટ્રેકનાં કમરના ભાગે નેફામાંથી દેશી બનાવટની મેગ્જીનવાળી પ્લાસ્ટીકનાં હાથામાં બંને બાજુ સોનેરી સ્ટાર લગાડેલ બે-બે સ્ક્રુથી ફિટ કરેલ બેરલની લંબાઇ-૧૮ સે.મી તથા હાથાની લંબાઇ-૯ સે.મી. તથા ચાલુ હાલતની પિસ્ટલ કિ.રૂ.૫,૦૦૦/- તથા 7.65 KF લખેલ જીવતાં કાર્ટીસ નંગ-૦૩ કિ.રૂ.૩૦૦/- તથા વીવો કંપનીનો મોબાઇલ કિ.રૂ.૧૦,૦૦૦/- ગણી કુલ રૂ.૧૫,૩૦૦/-નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ.

આ પિસ્ટલ તથા કાર્ટીસ તે એકાદ વર્ષ પહેલાં અનિરૂધ્ધ ઉર્ફે અનુ મલિક રહે.ભીરા કલાન અથવા બહાવરી જી.મુઝફરનગર યુ.પી.વાળા પાસેથી લઇ આવેલ હોવાનું જણાવેલ.જે અંગે તેઓ વિરૂધ્ધ આર્મ્સ એક્ટની કલમો હેઠળ ગુન્હો દાખલ કરાવી આગળની વધુ કાર્યવાહી થવા માટે બોરતળાવ પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ.

<u>આરોપીને પકડવાનાં બાકી ગુન્હાઓ:-</u>

૧. મહુવા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૦૬૨૭/૨૦૨૨ ઇ.પી.કો.કલમ:-૩૦૭ વિગેરે મુજબ
૨. મહુવા પો.સ્ટે. બી પાર્ટ ગુ.ર.નં.૦૬૩૩/૨૦૨૨ આર્મ્સ એક્ટ કલમ:-૨૫(૧)(૧-બી) એ,૨૯ મુજબ
૩. મહુવા પો.સ્ટે. બી પાર્ટ ગુ.ર.નં.૦૬૩૪/૨૦૨૨ આર્મ્સ એક્ટ કલમ:-૨૫(૧)(૧-બી) એ,૨૯ મુજબ
૪. ખુંટવડા પો.સ્ટે. બી પાર્ટ ગુ.ર.નં.૦૨૧૫/૨૦૨૨ આર્મ્સ એક્ટ કલમ:-૨૫(૧)(૧-બી) એ,૨૯ મુજબ

<u>કામગીરી કરનાર પોલીસ સ્ટાફ:-</u>

પોલીસ ઇન્સ. શ્રી એસ.બી.ભરવાડ, પોલીસ સબ ઇન્સ. શ્રી એન.જી.જાડેજા, પી.આર.સરવૈયા તથા સ્ટાફનાં જયરાજસિંહ જાડેજા, સાગરભાઇ જોગદિયા, વનરાજભાઇ ખુમાણ, અલ્તાફભાઇ ગાહા, ધર્મેન્દ્રસિંહ ગોહિલ, મહેશભાઇ કુવાડિયા (ડ્રાયવર)